सौ. प्रधान वैद्राज छोटालाल हीराभाइना वहुना पुण्यार्थे भेट.

श्री

# वडोदरा जैन मंदिरावळी.

छपावी प्रसिद्ध करनार,

श्री जैन एसोसीएशन ओफ बरोडा.

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

वडोदरा.

[वीर संवत् २४४३] [सने १९१७

प्रत १०००

कींमत ०-१-०.

वडोदरा-रावपुरा धी "आर्य सुधारक" प्रेसमां मणिभाइ मथुरभाइ गुप्ते
प्रसिद्ध करनारने माटे छाप्युं ता. २८-९-१७.

## सोनेरी शीखामणो.

१ गंभीरपणुं राखवुं.
२ सारुं रुप एटले शरीरे तंदुरस्त रहेवुं.
३ शांत स्वभाव राखवो.
४ लोकप्रिय थवुं.
५ द्वेष तथा अदेखाई न करवां.
६ पापथी डरता रहेवुं.
७ लुच्चाई न राखवी.
८ दाक्षिण्यता राखवी.
९ लाजबाळा थवुं.
१० दयालु थवुं.
११ दानमां लक्ष राखवुं.
१२ तटस्थ रहेवुं एटले कोईपण जातनो पक्षपात न राखवो.
१३ गुण उपर रागी थवुं.
१४ नठारी वातो करवी नहि.
१५ सारो परीवार राखवो.
१६ लांबो विचार करी काम करवुं.
१७ विशेष जणनार थवुं.
१८ वृद्ध माणसने अनुसरीने चालवुं.
१९ विनय राखवो .
२० बीजानी कदर करवी एटले बीजानो उपकार भुली न जवो.
२१ बीजानुं हीत करवुं.

## त्याग करवानी चीजो.

१ मद्य मदीरा माखण ने मांस न खावुं.
२ काची माटी ने काचुं मीठुं न खावुं.
३ त्रस जीवोथी व्याप्त फळ न खावां.
४ करा ने बरफ न खा[illegible]
५ कोइ जातनुं विष [illegible]
६ रात्री भोजन न [illegible]
७ कंद मुळादि अनंत काय नखावां
८ रीगणां वीगेरे बहु बीज न खावां.
९ अजाण्यां फळ न खावां.
१० वासी वीगेरे चलित रस न खावां
[illegible] खावां
[illegible] न खाबां

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

# प्रस्तावना.

वडोदरा जेवुं सुंदर शहेर जोवा हरकोइ इसम ललचाय ए स्वभाविक छे. शहेरनी अंदर प्राचीन तथा आधुनिक १६ मंदीरो छे ते शिवाय ज्ञानमंदिर, आत्मारामजी पाठशाळा, जैन एशोसीएशन ओफ बरोडा, आदि जीन मंडळ, वडोदरा पांजरापोळ वगेरे संस्थाओ सारी रीते पोतानुं कार्य बजावे छे. प्राये मुनीमाहाराजो तथा साधवीजी माहाराजनो संजोग पण सारो होय छे. आवो अपूर्व लाभ तथा शहेरनी बांधणी अने केटलांक भव्य राज्यभवनो वगेरे जोवा माटे घणा जैन भाइओ देशावरोमांथी आ स्थळे उतरी पडे एमां कांइ नवाइ जेवुं नथी ! तेओ भाइओनी सवड खातर अमोए जेटली हकीकत मळी आवी छे तेटली आ स्थळे दर्शावी छे अने आशा राखीए छे के आ नानकडुं पुस्तक तेओने कांइक उपयोगी थइ पडे. अस्तुः

तां. २५ सप्टेंबर
१९१७.
**वडोदरा.**

श्री जैन एशोसीएशन ऑफ बरोडा.

# अनुक्रमणिका.


| विषय. | पृष्टांक. |
|---|---|
| श्रीमंत सयाजीराव गायकवाड. | १ |
| पुस्तकनी उपयोगीता. | २ |
| जैन धर्मशाळा. | २ |
| ( देरासर, उपाश्रय वगेरे जे स्थळे छे ते पोळोः— ) | |
| जानीशेरी. | ३ |
| घडीआळीपोळ. | ४ |
| पटोळीआपोळ. | ४ |
| पीपळाशेरी. | ४ |
| वाडीरंगमहाल. | ५ |
| नवीपोळ. | ७ |
| महेता पोळ. | १० |
| फतेपुरा. | १० |
| कोठीपोळ | १२ |
| मामानीपोळ. | १२ |
| देरापोळ. | १३ |

| | |
|---|---|
| सुलतानपुरा. | १५ |
| चौटाओळ | १५ |
| नरसींजीनीपोळ. | २० |


## जोवा लायक चीजो.

| | |
|---|---|
| श्री सयाजी सरोवर. | ६ |
| अगड. | ७ |
| राज्यभवनो. | ७ |
| सेंट्रल लायब्रेरी. | ९ |
| सोना रुपानी तोपो. | १० |
| जुबीली गार्डन तथा सीटी क्लब. | ११ |
| न्यायमंदीर खंडेराव मार्कीट वगेरे. | १३ |
| श्री आत्मारामजी जैन संगीत शाळा. | १८ |
| श्री आदी जीन मंडळ. | १९ |
| ज्ञानमंदिर. | २१ |
| धी वडोदरा पांजरापोळ. | २२ |
| श्री जैन एशोसीएशन ओफ बरोडा. | २३ |
| पब्लीक पार्क अने म्युझीयम. | २४ |
| स्वारीओ. | २६ |
| वडोदरुं ए विरक्षेत्र. | २७ |

| | |
|---|---|
| श्रीमद मुनी महाराज श्री कांतिविजयजी. | २८ |
| श्रीमद मुनी महाराज श्री हंसविजयजी. | ३० |
| श्रीमद मुनी महाराज श्री वल्लभविजयजी | ३२ |
| डभोई. | ३४ |
| पादरा दरापरा. | ३५ |
| छाणी. | ३५ |
| तरसाळी. | ३५ |
| परोळी. | ३६ |


---

# आभार.

आ नानकडा पुस्तकमां दरेक जात्रालु भाइओने देरासरोनां दर्शन करवा तेमज शहेरमां आवेली हरकोइ जाणवाजोग चीजोनो टुंकाणमां हेवाल आपेलो होवाथी घणुं उपयोगी थइ पडे एवुं छे एम जाणीने देथाणना शेठ डाह्याभाइ हीराचंदे आ पुस्तक छपाववामां सारी मदद आपवा उदारता दर्शावी छे जेथी आ संस्था तेमनो आभार माने छे.

श्री जैन एशोसीएशन ओफ बरोडा.

# श्रीवडोदरा जैन मंदिरावळी.

श्रीमंत सयाजीराव गायकवाडः—वडोदरा शहेर ए विश्वामीत्री नदीना तट उपर गुजरातनी मध्यमां आवेलुं श्रीमंत गुर्जर नरेशनुं सुंदर राज्यनगर छे. त्यां श्रीमंत सरकार सयाजीराव गायकवाड महाराजा राज्य करे छे. श्रीमंतनुं राज्य बीजा मोटा राज्यो करतां विस्तारमां नानुं छे तोपण तेमनो मोभो अने प्रतिष्ठा विशेष छे अने हिंदुस्तानमां बीजा नंबरनुं तेमनुं राज्य गणाय छे. श्रीमंते युरोप, अमेरीका, जापान, मीसर आदि अनेक देशोमां मुसाफरी करी, पोते प्राप्त करेला ज्ञाननो बोहोळा हाथे उपयोग करी, प्रजाने उन्नतिना मार्गे चढावी छे. अज्ञाननो अंधकार दुर करवा शाळाओ स्थापी छे अने फरजीआत केळवणी दाखल करी छे. समग्र हिंदुस्तानमां केळवणी मफत अने फरजीयात श्रीमंतेज पोताना राज्यमां प्रथम दाखल करी छे. जनसुखाकारी सारी रहेवा माटे सारा रस्ता, रेल्वे, दवाखानां, पाणीनां बांध कामो वगेरे हरेक जातनी सवडो करवामां आवी छे. बाळ विधवा तेमज कजोडां न थाय ते माटे बाळलग्न निषेधकनो कायदो पण अमलमां आण्यो

छे. प्रजाने राजकीय हक्को पण बीजा देशी राज्योना प्रमाणमां घणा मळेला छे. कायदा बांधवामां प्रजानी संमति लेवाय छे. न्याय आपवामां प्रजानी मदद लेवाय छे. प्रांत पंचायतो तथा ग्राम्य पंचायतो स्थापी लोकोने राज्यकाजमां सारी रीते भाग लेतां शीखव्युं छे. तेमज शहेरनुं सुधराइ खातुं पण प्रजाने हस्तक सोप्युं छे. आवा एक जुना प्रतिष्ठित अने नमुनेदार देशी राज्यनी प्रजा धीमे धीमे पोतानी जवाबदारी समजी पोतानी उन्नति सारु सदा प्रयत्न करती रहे अने राज्यकर्ताने खरा दीलथी चहाय तो तेमां शी नवाइ ?

**पुस्तकनी उपयोगीता**—आवुं अनुपम सुंदर शहेर हरकोइ इसम जोवा ललचाय ए स्वभाविक छे. तेओनी जाण माटे अने कोइपण माणसनी मदद शिवाय आ नानकडा पुस्तकना आधारे शहेरमां आवेली मुख्य मुख्य तमाम चीजो जोइ शके ते माटे अनुक्रमे बनती महेनते केटलीक हकीकत आपवामां आवी छे, तो ते परदेशी जैन भाइओने उपयोगी थइ पडशे एवी आशा छे.

**जैन धर्मशाळा**—कोइपण विदेशी जैन गृहस्थ, ज्यारे वडोदरा स्टेशने उतरे त्यारे पहेलो प्रश्न तो ए थशे के मारे उतरवुं क्यां ? आ अडचण दुर करवा माटे शहेरनी अंदर घडीआळी

पोळमां घंटीआडाना नाके वैद बापुभाइ हीराभाइ, शेठ गबाभाइ काळीदास तथा झवेरी फकीरभाइ घेलाभाइ तरफथी एक धर्मशाळा बंधाववामां आवी छे. धर्मशाळामां वासणकुसण तथा गोदडां वगेरेनो बंदोबस्त राखेलो छे अने ते त्यां राखेला माणस पासेथी मळी शके छे. आ धर्मशाळामां हरकोइ जैन श्वेतांबर भाइ उतरी शके छे अने पोतानुं धर्म कार्य करी शहेरनी जात्रा तथा शोभा जोइ शके छे.

**जानीशेरी**—धर्मशाळानी नजीक, श्री सयाजी हाइस्कुल नीचे थइ जानीशेरीमां जतां पोळना मोखरे एक साधवीजी महाराज माटे उपाश्रय छे अने तेज पोळमां खुणानी अंदर साधु महाराजोना माटे मोटो जंगी उपाश्रय छे. आ उपाश्रयनो वहीवट झवेरी गोकळभाइ दुलभदास करे छे. तेओ घणा ज्ञानी अने प्रतिष्ठित सद्ग्रहस्थ छे. आंबेल खातुं, ज्ञान खातुं, धर्मशाळा खातुं वगेरे धर्मादा कार्योना खातानो तेओ वहीवट करे छे तथा हिसाब राखे छे. आ पोळमां बे देरासरजी आवेलां छे. एक देरासर शीखरबंधी छे अने तेमां मुळ स्थानके श्री चंद्र प्रभुजी महाराज बीराजेला छे. आ देरासर वैद दलपतभाइ मोतीचंद तरफथी बंधाववामां आवेलुं छे अने तेनी देखरेख पण तेमनाज तरफथी राखवामां आवे छे.

बीजुं देरासर ए आ शहेरना असली देरासर पैकीमांनुं एक छे. तेमां श्री आदीश्वर भगवान मुळनायकजीना स्थानके बीराजेला छे. आ देरासरजीनो जीर्णोद्धार श्रीसंघनी मददथी हालमांज झवेरी छोटालाल लालभाई तथा वैद छोटालाल हीराभाइए पोतानी जात देखरेख नीचे कराव्यो छे. देरासरजीनो वहीवट झवेरी छोटालाल लालभाइ करे छे.

**घडीआळीपोळ**—त्यारबाद पोळनी बहार डाभा हाथे घडीयाळी पोळ तरफ जतां, श्री कुंथुनाथजी महाराजनुं देरासर आवेलुं छे. आ देरासरजीनो वहीवट झवेरी लीलाभाइ रायचंदभाइ तरफथी करवामां आवे छे. आ शेठ धनाढ्य छे.

**पटोळीआ पोळ**—उपला देरासरजीमां दर्शन कर्या पछी पटोळीआ पोळनी अंदर श्री मनमोहन पार्श्वनाथ महाराजनुं देरासर छे. आ देरासरजीनो जीर्णोद्धार हालमां शेठ गबाभाई काळीदास गांधी एमनी महेनतथी श्री सकळ संघे करेलो छे. आ देरासर असली देरासर पैकीनुं एक छे. देरासरजीनो वहीवट घीआ मगनलाल रणछोड करे छे.

**पीपळाशेरी**—पटोळीआ पोळमां दर्शन कर्या पछी, मुकाम करेली धर्मशाळा आगळ थई पीपळाशेरी तरफ जवानो मार्ग छे.

त्यां श्री चींतामणजी पार्श्वनाथ महाराजनुं देरासर छे अने तेज देरासरमां साथेना गभारामां श्री महावीर स्वामीजी बीराजेला छे. देरासरजीनो वहीवट गांधी कुटुंबवाळा करे छे. आ देरासरजीमां श्री महावीर स्वामीजीनी प्रतिमा छे अने तेथी चैतर सुदी १३ ना दिवसे श्री वीर परमात्मा जे दरेक जीवोना छेवटना निकटना उपगारी छे, तेओ महात्मानी श्री संघ तरफथी गये वर्षथी धर्मशाळामां जयंती उजवी आ देरासरमां भारे ठाठमाठथी आंगी रची पुजा भणाववानो प्रबंध शरु थयो छे. सवारमां व्याख्यान वखते श्री चतुर्विध संघ उपाश्रयमां एकत्र थई परमात्मानुं जीवन वृतांत सांभळी तेओश्रीना गुणानुग्राम करी ते दिवसे मोटो वरघोडो काढे छे अने बपोरना पुजा भणावे छे, जेथी दरेक भाइओनो आखो दिवस धर्म कार्यमांज जाय छे. वळी ते दिवसे दरेक देरासरोमां आंगी तथा रोशनी पण कराववामां आवे छे.

**वाडी रंगमहाल**—पीपळा शेरीमांथी आगळ कोटे कोट थइ गेंडी दरवाजे आवी चोखंडीमां थइ मीआ महमदनी वाडीमां रंगमहालनी अंदर श्रीआदीश्वर भगवाननुं देरासर छे. देरासरजीनो वहीवट मगनलालभाई करे छे. तेओ ज्ञातिए पटेल छे तोपण जैन धर्मपर तेओनी श्रद्धा अतुल छे.

**श्री सयाजी सरोवर**—रंगमहालथी स्वामीनारायणना मंदीर आगळ थइ राजीतळाव पासे जवाय छे. आ तळाव पासे शहेरमां आजवा तळावथी आवतुं पाणी छुटुं अगर बंध करवानी चावी छे. आजवा वोटरवर्कस जोवा जेवुं छे. ते त्यांथी बार माइलना अंतरे छे. तेनुं बीजुं नाम सयाजी सरोवर छे. आ सरोवरनो घेरो लगभग बार माईलनो छे. सरोवरनी एक बाजुए पाणी रोकवानी पाळ बांधी छे तेज फक्त त्रण चार माइल लांबी छे. पाळ उपर लाईन नांखवामां आवी छे अने तेना उपर लारीमां बेसी घणा जोवा जनाराओ सरोवरना देखावनो लाभ ले छे. पाळना छेवटना भागे सरोवरमां जो पाणी विशेष थइ जाय तो " Balance of water " पाणी जोइए तेटलुं रहे ते माटे साधनो राखवामां आव्यां छे, अने वधारेनुं पाणी ते वाटे बहार थइ नदीमां चाल्युं जाय छे. आ सरोवर जोवा जवा माटे खानगी खातामां चोवीस कलाक आगमच लेखी खबर आपेथी सरकारी मोटर भाडे मळी शके छे. घोडा गाडीओ पण आवतां जतां थइने चार पांच रुपीआमां भाडे मळी शके छे. रस्तामां आवतां नीमेटा पासे पाणी स्वच्छ करवानी त्रण टांकीओ छे. आ टांकीओमां पाणी दुरस्त थइ शहेरमां लोकोना उपयोग माटे आवे छे. आ पाणी शहेरमां जतुं रोकवा माटे उपर

जणाव्या प्रमाणे राजीतळाव पासे मोटी चावी छे तेनी सामा पाणीनो दरवाजो छे. आ दरवाजानी मध्यमां नाकनो आकार छे अने तेथी केटलाक लोको ते नाकने वडोदरा शहेरनुं नाक छे एम ओळखे छे. ते भाग वडोदरा शहेरनुं नाक छे एम ओळखवानुं बीजुं पण कारण छे अने ते ए छे के प्रथम वणझारा विगेरे देशावरी लोकोनो माल ए रस्ते थइने शहेरमां दाखल थतो हतो अने तेथी ते रस्ता पासे मोटा बजारो भराता अने आप ले थती हती.

**अगगड**—पाणी दरवाजानी जमणी बाजुए अगगडनुं मोटुं मेदान तथा वडोदरा स्पीनींग एन्ड विवींग मील आवेली छे. आ मेदानमां होळीना दिवसोमां तथा श्रीमंत महाराजा साहेबनी वर्षगांठना दिवसे अने हरेक शुभ प्रसंगे मलकुस्ती, हाथी, पाडा, घेटां वगेरे जानवरोनी कुस्तीओ, दागदारी, बंदुक फोडतो पोपट वगेरे खेलो करवामां आवे छे.

**नवी पोळ**—हवे दरवाजा पासे आवी आगळ मांडवी तरफ जतां डाभा हाथे नवी पोळ छे. आ पोळमां श्री शीतलनथजी माहाराजनुं देरासर छे. देरासरजीनो वहीवट देणावाला शेठ करे छे.

**राज्यभवनोः**—नवी पोळथी आगळ जतां जमणा हाथे नजरबाग बंगलो छे. आ बंगलो मल्हारराव महाराजे बंधाव्यो

हतो अने तेओ त्यां रहेता हता. आ बंगलो जोवानी दरेक माणसने छुट छे. बंगलो जोवा माटे खानगी कचेरीमांथी एक मफत पास आपवामां आवे छे अने ते पासथी दस माणसो बंगलो जोवा जइ शके छे. आ पासमां बतावेला त्रणे बंगला सवारना ७ थी १० अने सांजना २ थी ६ सुधी बतावदामां आवे छे. मकरपुरा पेलेस मांडवीथी त्रण माइल दुर छे अने ते खंडेराव महाराजे बंधाव्यो हतो. मकरपुरा पेलेस जोवा जवा माटे दोढेक रुपीआ सुधीमां आववा जवानी घोडागाडी मले छे. बंगलानुं फर्नीचर, पीक्चरस तथा राज्य वैभवनी दरेक चीजो अने गार्डन जोवा लायक छे. लक्ष्मी विलास पेलेस ए सौथी सरस महेल छे, अने ते पथ्थरथीज बंधाववामां आवेलो छे. आ महेल श्रीमंत सरकार सयाजीराव महाराजे बंधाव्यो छे अने तेनी पाछळ लगभग एंसी लाख रुपीयानुं खर्च थएलानुं संभळाय छे. राज्यमहेलनुं कम्पाउन्ड पण चार पांच माइलना घेरावानुं छे. महेलनी अंदर दरेक जातनुं उंचा प्रकारनुं फर्नीचर, पीक्चरो, दरबार होल तथा राज्यगादी जोवा लायक छे. नजरबाग बंगलाना नीचेना भागमां सरकारी झवेरखानुं रहे छे. आ झवेरखानुं जोवा माटे खानगीमांथी बीजो पास मेळववो पडे छे अने सरकार तरफथी ते पण मफत

बताववामां आवे छे. नजरबागनी सन्मुख मांडवी छे. मांडवी ए शहेरना मुख्य चारे दरवाजानी मध्यमां आवेली होवाथी ते घणी रमणीय लागे छे. मांडवी उपर चारे दिशा तरफ चार मोटां वागतां घडीआळो छे अने ते वखत जोवा माटे लोकोने घणां उपयोगी थइ पडे छे.

सेंट्रल लायब्रेरी—मांडवीथी चांपानेरना दरवाजा तरफ जतां जमणा हाथे एक मोटी सरकारी हवेली आवेली छे. पहेलांना राजाओ आ हवेलीमां रहेता हता. हालमां आ हवेलीमां सरकारी कचेरीओ, निशाळो तथा सेंट्रल लायब्रेरी छे. श्रीमंत सरकारे पोतानी प्रजामां वांचननो शोख वधे ते माटे दरेक इसमने वांचवा माटे मफत पुस्तको आपवा गोठवण करी छे. रोजींदा, अंग्रेजी तथा गुजराती पेपरो, अठवाडीक मासीक वगेरे चोपानीयां वांचवा माटे, लायब्रेरी साथे वांचनालय पण खोल्युं छे. आ वांचनालय सवारथी रातना नव वाग्या सुधी खुल्लुं रहे छे अने त्यां आखा शहेरना घणा माणसो लाभ ले छे. वळी लायब्रेरी तरफथी एक खास सीनेमेटोग्राफ पण राखवामां आव्यो छे अने ते द्वारा केळवणी तथा खेती वगेरे केम करवी ते माटे पाश्चिमात्य देशोना लोकोनुं वर्तन सीनेमा द्वारा बतावी रैयतने अगणीत फायदा थाय

ए माटे प्रयास करवामां आवेला छे. लायब्रेरी तथा वांचनालय खास जोवा जेवां छे, अने ते जोवा माटे दरेक इसमने छुट छे. सरकारी हवेलीना सामी बेंक ओफ बरोडा आवेली छे. आ बेंके सरकार मददथी घणी सारी ख्याती मेळवी, लोकोने नाणां संबंधी केटलीक सवड करी आपी छे.

**महेतापोळ**—आगळ चांपानेर दरवाजा तरफ जतां जमणा हाथे महेतापोळ आवे छे. ते पोळमां पेसतां डाभा हाथना खांचामां ललु बाधरनी हवेली साथे श्री नेमीनाथजी माहाराजनुं देरासर छे. आ देरासरजीनो वहीवट मारवाडी भाइओ करे छे.

**फतेपुरा**—दर्शन कर्या बाद महेता पोळमांथी नीकळी चांपानेर ना दरवाजे थइ फतेपुरा तरफ जवानो रस्तो छे. आ रस्तामां दरेक शुक्रवारे गुर्जरी भराय छे अने घणा लोको पोताना मालनी आप ले करे छे. आ रस्तो वटावीने आगळ जतां डाभा हाथे परबडीवाळा खांचामां श्री पार्श्वनाथजी माहाराजनुं देरासर छे. आ स्थळे आपणा जैन भाइओनी वस्ती ओछी छे. देरासरजीनी देखरेख मारवाडी भाइओ राखे छे.

**सोना रुपानी तोपो**—फतेपुरामां दर्शन कर्या पछी तेज पोळमां थई भुतडीना झांपा तरफ जवानो रस्तो छे. त्यां आगळ

सरकारी घोडाओनी पागा तथा सोना रुपानी तोपो छे. आ तोपो दिवसना गमे ते वखते दरेक माणस जोइ शके छे. समग्र हिंदुस्तानमां कोइ पण बीजा देशी राज्यमां आवी तोपो नथी. घणा युरोपीयनो तथा दुर देशोमांथी जोवा आवनारा इसमो आ तोपोना फोटाओ लइ जाय छे. तोपो नमुनेदार तथा जोवा लायक छे.

**जुबीली गार्डन तथा सीटी कलब**—सोना रुपानी तोपो जोया बाद त्यांथी आगळ न्यु मेल ट्रेनींग कोलेज, नृसिंहाश्रम, मोदीखाना पासे आवी श्री सयाजी विजय प्रेस आवे छे. आ प्रेसनी पासे लोकोने हवा खावा माटे जुबीली गार्डन सरकार तरफथी बनाववामां आव्यो छे. बागनी वचमां गौतम बुधनुं बावलुं मुकवामां आव्युं छे. बागनी मध्यमां बेंड वाजु वगाडवा माटे एक गोळाकार मंडप उभो करवामां आव्यो छे. आ जग्योए दर शनीवारे सांजना छ थी सात वाग्या सुधी एक कलाक सरकारी बेंड वागे छे, अने दर बुधवारे शरणाइ वगेरेनुं वाजुं वागे छे. आ बागमां शहेरना लोकोना आराम माटे एक सीटी कलब खोलवामां आवी छे अने ते माटे एक भव्य मकान बंधेलुं छे. मकाननी अंदर बीलीअर्ड, पाना वगेरे जातनी अनेक रमतो लोको रमे छे. ते पासे टेनीस ग्राउंड छे अने त्यां खुली

हवामां केटलाक जुवानीयाओ हाथमां बेट झाली साम सामा दडा ओनी मारामारी चलावे छे. बागमां झाडो वगेरेनी गोठवणी अने सफाइथी जग्यो घणीज रमणीय अने मगजने विश्रांति आपे तेवी छे. घणा माणसो सांजना बागमां आवी ताजी अने खुली हवाथी दीलने प्रफुल्लीत करे छे.

**कोठी पोळ**—त्यांथी स्टेशनतरफ आगळ जतां कोठी-पोळना सामे श्री शांतीनाथजी महाराजनुं देरासर आवेलुं छे. आ देरासरजीनो जीर्णोद्धार तथा प्रतिष्ठा मुख्यत्वे रावपुरा विभागना सघळा जैन भाइओए घणा उत्साहथी हालमां कर्यो छे. देरासरजीमां श्री तपसीजी महाराजनां पगलां छे. आ महात्मा घणाज तपस्वी होइ सिद्धिना जाणकार हता. तेओश्रीना पगलांना घणा भाइओ दर्शन करी लाभ ले छे. वळी एक बाजुए श्री मुळचंदजी महाराजनी मुर्ती पण देरासरमां पधरावेली छे. त्यांपण दरेक भाईओए दर्शन करती वखते लाभ लेवो. देरासरजीनी साथे उपाश्रय छे. तेमां एक जैन लायब्रेरी छे. लायब्रेरीमांथी जैन भाइओने वांचवा माटे पुस्तको आपवामां आवे छे.

**मामानी पोळ**—त्यांथी आगळ स्टेशन तरफ जतां चीम-नाबाइटावर, मोटी पोस्ट ओफीस मुकी मामानी पोळ आवे छे.

आ पोळमां पेसतां डाबा हाथे श्रीमहावीर स्वामी महाराजनुं देरासर छे. त्यांथी थोडे दुर श्री कल्लाण पार्श्वनाथ महाराजनुं मोटुं सीखरबंधी देससर छे. आ बंने देरासरजीनो वहीवट शा. केशवलाल लालचंद तथा शा. मगनलाल पुंजाभाइ करे छे. आ बंने सद्ग्रहस्थो उमंगी अने महेनतु छे. तेमना शुभ प्रयासथी एक लायब्रेरी पण तेज पोळमां आवेला उपाश्रयमां खोली छे. आ उपाश्रय पोळनानाके सरीयाम रस्ता उपर छे. लायब्रेरीमां श्रीमान् हंसविजयजी महाराज साहेबे घणा पुस्तकोनी पोताना भंडारमांथी मदद अपावी छे. त्यांना जैन युवको लायब्रेरीनो सारो लाभ लेछे.

**देरा पोळ**—त्यांथी आगळ, पाछळ वळतां सुधराई बंबानी ओफीसना रस्ते थई, दांडीआ बजारमांथी बाबाजीपुरामां देरापोळ आवे छे. आ पोळमां पेसतांज जमणा हाथे श्री गोडीजी पार्श्वनाथ महाराजनुं देरासर छे. आ मंदीरनी देखरेख शा. मणीलाल गुलाबचंद वगेरे तरफथी राखवामां आवे छे.

**न्यायमंदीर खंडेराव मार्कीट वगेरे**—आ पोळमांथी सडके नीकळी डाबा हाथे थइ राजमहेल जवाय छे. आ सडकनी बंने बाजुए वकीलो तथा कंट्राक्टरोना भव्य मकानो आवेलां छे. सरकारी ओफीसरो तथा शेठीआओ अने सरदारो माटे “श्री

सयाजीविहार क्लब " नुं मकान पण रातना वीजळीक रोशनीथी सुंदर देखाय छे. क्लबमां हरेक जातनी रमत गमतो तथा टेनीस रमवामां आवे छे. आ क्लब साथे श्री खंडेराव मार्कीट छे. मार्कीटमां काछीआ वगेरे लोके दरेक जातनुं शाक, फळ, फुल इत्यादि वेचे छे. मकान पथ्थरनुं होई देखावमां घणुंज सुंदर छे. मकानना उपरना भागमां सुधराइ कचेरी बेसे छे. त्यांथी आगळ जतां चीमनाबाइ हायस्कुल ब्रेन्चस्कुल, फीमेल ट्रेनींग कोलेज अने बोर्डींग वगेरे मकानो एक बाजुए आव्यां छे. तेनी सामु सुरसागर तळाव पण शहेरनी शोभानो वधारो करी रहेलुं छे. तेनी नजदीक न्यायनी विशाळ कोर्टों आवेली छे. तेमां एक मोटुं पा पा कलाके वागतुं घडीआळ मुकवामां आव्युं छे. त्यांथी शहेरमां दाखल थवानो लहेरीपुरानो दरवाजो तलाव तीरे बेसी जोतां अलौकीक शोभा आपी रहेलो छे. सांजना वखते फताहसीनेमा कंपनी, इम्पीरीअल सीनेमेटोग्राफ, लक्ष्मीविलास हिंदु होटेल, पानबीडी तथा मीठाइवालाओनी दुकानोथी आ रमणीय जग्यो आबेहुब मुंबाइ नगरीनी चोपाटीनो ख्याल आपे छे. विशेषमां माळी लोको फूलना हार गजरा लइ आम तेम ते

वखते वेचवा माटे फरता होवाथी हवा पण घणीज सुगंधीदार बनी गएली होय छे.

**सुलतानपुरा**—त्यांथी आगळ जतां दरवाजामां दाखल थइने डाबा हाथे सुलतानपुरामां जतां मोढ पोळना नाके, पासेनी खडकीमां श्री चंद्रप्रभुजी माहाराजनुं देरासर छे. आ देरासरजीनो वहीवट झवेरी केशरीचंदभाइ तरफथी करवामां आवे छे.

**चौटाओळ**—त्यां दर्शन कर्या पछी शहेर अने मांडवीना मध्य भागमां श्री आदीश्वर भगवाननुं मोटुं देरासर सरीयाम राज मार्ग उपर आवेलुं छे आ देरासरजीनो वहीवट शा नाथाभाई नाजशा पटवा करे छे.

देरासरजीनी अंदर भुमतीजीमां श्री आत्मारामजी महाराजनी मूर्ती पधरावेली छे. आ परोपकारी महात्मानो जन्म संवत् १८९३ नी सालमां चैत्र सुदी प्रतिपदाने गुरुवारना रोज श्री लहेरा गामे पंजाब देशमां थयो हतो. बचपणथीज माहाराजश्रीनुं भव्य ललाट जोई सौ कोई विस्मय थतुं अने त्यांना विद्वान वर्ग पैकीना घणा पुरुषो धारता हता के आ पुरुष कोइ महा बळवान राजा अगर राजा महाराजा पण जेना चरणमां पडी नमस्कार करशे एवो कोइ महान धर्मधुरंधरधोरी धर्म गुरु थशे; जे वृद्ध पुरुषोनुं

वचन केवी रीते फळ्युं छे ते आपणे बधा सारी पेठे जाणीए छीए. माहाराजश्री रोजना सो श्लोक कंठाग्र करता हता. माहाराजश्री प्रथम ढुंढक मतना साधु हता अने ते पंथमां तेओश्रीनुं घणुं सारुं मान हतुं तोपण पाछळथी ज्यारे ज्ञानना सुयोग वडे मालुम पडयुं के, आ पंथमां घणी बाबतो गलत छे त्यारे ते दिक्षा छोडीने बीजा १५ ढुंढक मतना साधुओ साथे, "खरुं तेज मारुं" पण "मारुं ते खरुं नहीं" ए सुत्रने अनुसरीने संवेगी मार्गनी दिक्षा गृहण करी. माहाराजश्रीए पंजाब देशमां ७००० ढुंढकोने खरा जैनो बनाव्या. आ महात्मानी कीर्ति फक्त हिंदुस्तानमांज नहि पण दुर दुरना देशोमां छेक युरोप अने अमेरिका खंड सुधी प्रसरी रही छे; जे तेओश्रीना उपर ए. एफ. रुडोल्फ होर्नेल डाक्टर, अमेरीकाथी चीकागो सर्व धर्म परीषद, वगेरे स्थळेथी आवेला कागळो उपरथी सारी रीते मालुम पडे छे. आ महात्माए जैन तत्वादर्श, अज्ञान तीमीर भास्कर, तत्वनिर्णय प्रसाद, सम्यक्त्व शल्योद्धार, जैन प्रश्नोत्तर, चीकागो प्रश्नोत्तर वगेरे घणा उपयोगी ग्रंथो रच्या छे, जे मनन पूर्वक अने निष्पक्षपातपणे वांचवाथी दरेक धर्मनुं रहस्य तथा खरुं शुं छे ते सारी पेठे समजाइ आवे छे. आ आपणा परोपकारी गुरु जेम बुद्धिमां विशाळ हता तेम स्वभावे पण घणाज

शांत अने दीर्घदृष्टिवाळा हता; जे नीचेना एक दृष्टांत उपरथी सारी पेठे समजाय छे. एक मुसलमान माहाराजजी साहेबने पुछे छे के:—

**मुसलमान**—आप महात्मा छो, तेम विद्वान पण छो, पण आप भीक्षा मागीने खाओ छो ते ठीक नथी. कांइ महेनत करीने खाओ तो ठीक?

**माहाराजजी साहेब**—आपनुं कहेवुं ठीक छे, पण जो अमारा धर्ममां कोइपण प्रकारनो बाध न आवे एवी जो कोई महेनत आप बतलावो तो ते प्रमाणे करवाने अमो खुशीथी तैयार छीए.

**मुसलमान**—आपनो धर्म शुं छे?

**माहाराजजी साहेब**—(१) कोइपण जीवने ना मारवो (२) जुठ ना बोलवुं (३) चोरी ना करवी (४) स्त्रीनो संसर्ग ना करवो अने (५) कोइपण वस्तु उपर ममत्व भाव न राखवो वगेरे.

**मुसलमान**—( थोडो वखत विचार करीने ) ठीक? तो आप एक काम करो. जंगलमांथी सुकां लाकडां वीणी लावो अने ते वेची तेनाथी आप गुजरान निभावो.

**माहाराजजी साहेब**—पुछया शिवाय कोइनी चीज उठावी

लेवानो अमारो धर्म नथी.

**मुसलमान**—आप जंगलना मालीकनी परवानगी लो.

**महाराजजी साहेब**—ज्यारे त्यांपण अमारे मागवानुंज छे त्यारे आ मागवानु पण अमारे शा माटे छोडवुं.

आ महात्मा उपर प्रमाणे हरेक मतवालाओनुं शांतिथी समाधान करता होवाथी तेओश्रीनी पासे घणा लोको आवता अने शंकाओनुं निराकरण करता. आ महात्माना शिष्योमां पण तेओश्रीना घणा गुणो उतरी आव्या छे अने तेओ तेमना जेवा प्रौढ तथा प्रतापी छे. आ महात्मानो निर्वाण महोत्सव दर वर्षे जेठ शुदी ८ ने दिवसे श्री संघ तरफथी उपाश्रयमां उजववामां आवे छे तथा देरासरमां भारे ठाठमाठथी आंगी तथा पुजा भणाववामां आवे छे.

**श्री आत्मारामजी जैन संगीत शाळा**—आ संगीत शाळा असली पैकीनी छे. अत्रे भराएली कोन्फरन्समां अने ते पछी पण झवेरी चुनीलाल इश्वरभाइनी देखरेख नीचे आ शाळा घणुं सारुं काम करती हती, अने हालमां चुनीलालभाइना स्वर्गवास थया बाद तेमना पुत्र झवेरी हीमतभाइ चुनीलाल तथा कोठारीवाळा मी. नगीनभाइ आ शाळानुं काम चलावे छे. हीमतभाइ एक

बाहोश अने उत्साही नर छे अने तेओ हमेशां दरेक धर्मादा कार्योमां पोताम्नथी बनती सारी मदद करे छे.

श्री आदीजीन मंडळ—देरासरजीनी सन्मुख श्री आदि जीन मंडळ ए नामनी संगीत शाळा छे. आ शाळामां रातना ८ थी १० सुधी हमेशां पुजा, स्तवनो इत्यादि हार्मोनियम साथे चाले छे. नाना छोकराओ नाच वगेरेनुं काम शीखे छे. संगीतनुं शिक्षण सारुं मळे ते माटे एक मास्तर पण रोकेला छे. तबला सीतार, फीडल, तंबुरो, दीलरुबा, हार्मोनियम वगेरे संगीतनां वाजींत्रो शाळामां छे अने ते उत्साही शीखनाराओने शीखवाडवामां आवे छे. आ गायन शाळानुं बधुं कार्य उत्साही जैन युवक बालु-भाइ मुळजीभाइ वैदने आभारी छे. तेओ अत्रेनी जैन कोमनी अंदर संगीत शास्त्रमां एक्का छे. तेओ पोते हमेशां संगीत शाळामां उछरता बाळको तथा युवकोने संगीतनी सारी माहिती आपे छे. आ संस्थानुं काम संतोषकारक जोई मर्हुम मरेठा जैन डाक्टर गोविंदराव दीपाजी सालवी एओए एक उंचा प्रकारनी विलायती बनावटनी वाजांनी पेटी तथा एक कबाट, भरेला पुस्तको साथे आ गायन शाळाने भेट आप्यां छे. आ डॉक्टर जैन धर्म उपर तीव्र लागणी धरावता हता अने हमेशां श्री सिद्धचक्रजी माहारा-

जनुं त्रिकाळ पुजन करता हता.

**नरसींहजीनी पोळ**—आ संस्थानुं मकान छोडी तेज लाइनमां मांडवी तरफ आगळ जतां डाभा हाथना पहेला खांचामां नरसिंहजीनी पोळमां श्री दादासाहेब पार्श्वनाथजी माहाराजनुं मोटुं असली देरासर छे. आ देरासरजीनो जीर्णोद्धार तथा प्रतिष्ठा हमणांज घणा भारे ठाठमाठथी करवामां आवी हती. प्रतिष्ठा वखते श्रीमंत सरकार महाराजा साहेब तथा मातुश्री महाराणी साहेब श्री **दादा साहेबना** दर्शनार्थे पधार्यां हतां अने तेओ नामदारोए नजराणो कर्यो हतो. प्रतिष्ठा दरबार झवेरी लालभाइ कलाणभाई अने तेमना कुटुंब तरफथी घणा उमंगथी करवामां आवी हती. झवेरी लालभाईनुं कुटुंब तेमना वडवाओथी एटले लांबा वखतथी राज्यमंडळमां तथा प्रजा वर्गमां सारी लागवग अने मान धरावे छे. तेमना कुटुंबमां झवेरी फतेभाइ तथा कलाणभाइए अत्रेना श्री संघनी सारी सेवा बजावी हती अने तेमना स्वर्गगमनथी तेमनी भारे खोट अत्रे पडेली छे. झवेरी लालभाईए फ्रान्स विलायत वगेरे पाश्चिमात्य देशोनी मुसाफरी करी पोताना झवेरातनो सारो अनुभव लीधो छे. तेओ श्रीमंतना एक मानीता सरकारी झवेरी छे. वळी हिंदुस्तान देशना बीजा मोटा राज्योमां पण

तेओए सारो विश्वास मेळव्यो छे अने ते राज्योमां जोइतुं झवेरात तेमनी मारफते खरीदाय छे. तेओ मुंबाई नगरीनी अंदर पोतानी धरखम झवेरातनी पेढी चलावे छे. आ युवान ग्रहस्थ जेवी रीते वेपारमां बाहोश अने साहसीक छे तेवीज रीते पोताना स्वधर्मी बंधुओनी स्थिति उंच्च केम थाय ते माटे तन मन धनथी मदद करवामां उदार अने तत्पर छे.

**ज्ञानमंदीर**—आ प्रमाणे उपरोक्त जणावेलां सोळ देरासरोनां दर्शन कर्या बाद, आगळ जतां आज पोळनी अंदर आपणुं एक विशाळ पथ्थरथी बंधावेलुं ज्ञानमंदीर आवेलुं छे. त्यां घणा जुना शास्त्रीय ग्रंथो, ताडपत्रो उपर लखेला लेखो तथा पुस्तको हारबंध कबाटोनी अंदर गोठवी दीधेलां छे. आ ज्ञान मंदीर जोवा माटे श्रीमंत सरकार महाराजा साहेब तथा ईंदोर सरकार ए बंने नामदारो पधार्या हता. पुस्तकालय जोया बाद जे पुस्तक हस्त लेखीत होइ घणुं जुनुं होय ते छपाववा माटे तथा तेनो हमेश कायमनो उपयोग थाय ए माटे श्रीमंते लायब्रेरी खोलवा सुचना करी हती; जेनो जवाब घटता शब्दोमां हकारथी वाळवामां आव्यो हतो. ते उपरांत जुना पुस्तको वगेरे छपाववा माटे जेजे खर्च थाय ते सरकारमांथी आपवा श्रीमंते इच्छा दर्शावी हती. आ उपरथी श्रीमंतनी लागणी पोतानी

प्रजा हरके रीते केम केळवाय ते माटे केटली छे ए स्हेज समजाइ आवे तेम छे. आ ज्ञानमंदीरना नीचेना भागमां श्री आत्मारामजी पाठशाळा चाले छे.पाठशाळामां सांजना ७ थी ८॥ सुधी छोकराओने धार्मिक अभ्यास करावबामां आवे छे. छोकराओनी संख्या लगभग ४० ने आशरे छे. पाठशाळा साथे एक संस्कृत क्लास पण उघा-डेलो छे, तेमां संस्कृत भाषानुं ज्ञान इंग्रेजीमां, इंग्रेजी अभ्यास करनाराओने अनुकूळ पडे ते माटे आपवामां आवे छे. आठेक छोकराओ संस्कृतनो अभ्यास करे छे.

**धी वडोदरा पांजरापोळ**—आ पांजरापोळमां खोडां ढोर तथा कसाइओ तरफ जतां घेटां वगेरे जीवो खरीदी तेमनुं रक्षण करवामां आवे छे. पांजरापोळनुं काम तथा तेनी व्यवस्था वैद्यराज बापुभाई हीराभाई तथा वकील नंदलालभाई ललुभाई तरफथी करवामां आवे छे. आ बंने सदग्रहस्थो संस्थानो वार्षिक हेवाल दर वर्षे कमीटीमां गुजारी पजुसणना दिवसोमां श्री सकळ संघने जाहेर करे छे. पांजरापोळ खाते श्री वैद कुटुंब तरफथी दलपतभाई मोतीचंदे पाटोद गाम भेट कर्युं छे. आ गामनी उपजथी पांजरापोळ खाताने सारी मदद छे. गामनी दर-वर्षे लगभग त्रण हजार रुपीया उपज आवे छे. आ शिवाय इतर

ग्रहस्थो पण पांजरापोळखाताने सारी मदद करे छे. आ संस्थाने दरेक इसमे अनाथ अने मुंगा प्राणीओनी रक्षा थवा माटे बनती मदद आपी अभयदान ए सौथी मोटामां मोटुं दान करी अमुल्य पुण्य लेवानुं छे. व्यवस्था पण उपरोक्त जणावेला सद्ग्रहस्थोनी देखरेखथी घणीज चोख्खी, करकसरवाळी होई प्रसंशनिय छे.

वळी दरवर्षे कारतकी पुनमना दिवसे आ स्थळे पट बांधवामां आवे छे, जे वखते घणा भाइओ दर्शननो लाभ ले छे. ते दिवसे पांजरापोळमां श्री सीद्धाचळजीना मेळा जेवुं थई रहे छे, अने भोजक पुजारी वगेरे लोकोने भाविक लोको सारुं दान आपे छे. पांजरापोळमां पण ते दिवसे सारी आवक थाय छे. पट बांधवामां आवे छे ते स्थळनी एक बाजुए श्री दादाजी साहेबना पगलां छे; ज्यां एक नानी सरखी सुशोभीत देवडी बंधावेली छे. आ पगलांना दर्शनना वर्षमां एक वखत तो घणा भाइओ लाभ लेछे, पण वखतो वखत मारवाडी भाइओ घणो सारो लाभ लेछे.

**श्रीजैन एशोसीशन ओफ बरोडा**—आ संस्थामां संघनो उछरतो जुवान वर्ग जोडाएलो छे. वकील नंदलालभाइ, छोटाभाइ झवेरभाइ सुतरीआ तथा वैदराज वापुभाइ आ संस्थामां आगळ पडतो भाग लेछे. वडोदराना जैन बंधुओनी एक डीरेक्टरी आ मंडळे तैयार

करी छे. आशा छे के आ संस्था दिन प्रतिदिन बृद्धि पामी श्री संघने थोडा समयमां मदद रूप थइ पडो.

**पब्लीक पार्क अने म्युझीयम**---स्टेशन तरफ जतां कोठी कचेरीओ अने डफ्रीन होस्पीटल मुकतां विश्वामित्री नदीना कीनारे पब्लीक पार्क ( कमाठी बाग ) आवेलो छे. आ बागना झांपा उपर आपणा प्रतापी राज्यकर्त्तानुं बावलुं घोडेस्वार थइने जाणे शत्रु उपर जीत मेळवीने उभुं होय तेम दिसे छे. आ बागनी अंदर घणा लोको सांजना हवा खावा माटे आवे छे. दर मंगळवारे बागमां सरकारी बेंड वागे छे अने ते वखते घणा युरोपीयनो, पारसी ग्रहस्थो तथा इतर शेठीआ मंडळ गाडीओमां बेसी सांभळवा माटे आवे छे. आ बागमां दरेक जातनी जुदा जुदा देशोमांथी चीजो आणीने संग्रह कर्यो छे अने ते चीजो एक भव्य संग्रस्थानमां अनुक्रमवार तथा नाम निशानसाथे गोठववामां आवी छे. आ संग्रहस्थानमां भाग्येज कोइ एवी चीज हशे के ते जोवा ना मळी शके ? डोक्टरी लाइनने लगती हरेक जातनी दवाओ, जुदी जुदी जातनां तेलोनी शीशीओ, खेतीने लगतां दरेक जातना धान्यो, फळ फूळादि तथा ते संबंधीनां ओजारो, शिल्प काम, काच काम, कुंभार काम, सुथार काम,

लोह काम, फोटोग्राफी, भरत, गुंथण, जरी, कसबी वगेरे अनेक जातनुं वणाट काम, केटलीक नमुनेदार चीजो आदि दरेक चीजो आ संग्रहस्थानमां घणीज सफाइनी साथे गोठववामां आवेली छे. आ संग्रहस्थान दरेक भाइओने खास जोवा जेवुं छे. ते शुक्रवारना दिवस शिवाय हमेशां सवारनां दस कलाकथी सांजना ६ वाग्या सुधी लोकोने जोवा माटे खुल्लुं राखवामां आवे छे. आ संग्रहस्थान पासे एक पीकचर गेलेरी छे. तेमां घणी जातना फोटाओ तथा बावलांओ आबेहुब जीवतां माणसोना जेवो ख्याल आपे छे. त्यांथी थोडेक दूर टेनीस ग्राउंड, दीली दरबार होल, भुलभुलामणी. चकडोळ, पाणीमां रहेता मगरो, रींछो, जुदी जुदी जातना वांदराओ तथा वाघ लोंकडी अने सिंह जेवा जोरावर प्राणीओने युक्तिथी वश करी पींजराओमां लोकोने जोवा माटे राखेला छे. त्यांथी थोडेक दूर एक सुंदर, झाडोना पान वगेरेनी घटाथी आच्छादित थएलुं समर हाउस उनाळाना दिवसोमां लोकोना आराम माटे बनावेलुं छे, ज्यां आगळ पहाड वगेरेनो देखाव तथा कृत्रीम पाणी वहेतुं होवाथी ते जग्यो घणीज शांत अने रमणीय लागे छे. ते नजीक मोर, बगलां, पोपट वगेरे अनेक जुदी जुदी जातना घणा पक्षीओ जोवा माटे राखेला छे.

त्यांथी पासे नदी उपर एक झुलतो पुल, नदीमां कोइपण जातना टेकाओ राख्या शिवाय बांधेलो छे. आ पुल उपर फक्त माणसोज-आव जा करी शके छे. पुल उपर चालती वखते ते आम तेम झोला खाय छे, अने तेथी केटलाक माणसोने घणो आनंद पडे छे. आ म्युझीयम तथा बाग उपर जणाव्या प्रमाणे घणोज रमणीय अने जोवा लायक छे. बाग जोया बाद आगळ स्टेशन तरफ जतां कोलेज आवे छे. आ मकान इंग्लीश ढबथी बांधेलुं होइ घणुंज सुंदर छे. मकाननी मध्यमां एक सेंट्रल हॉल छे, जेमां लेक्चरो वगेरे करवामां आवे छे. आ हॉलनो डुम ( घुमट ) घेरावामां घणोज मोटो छे. कोलेजमां एम.ए. सुधीनो अभ्यास करावबामां आवे छे. कोलेज साथे एक लेबोरेटरी छे, जेमां रसायनीक प्रयोगो करवामां आवे छे. कोलेजथी आगळ सयाजीगंजमां थइ घोडदोड तरफ जवाय छे. आ बाजुए मोटा मोटा ओफीसरो तथा शेठ शाहुकारोना बंगलाओ रातना वीजळीक रोशनीथी घणा देदीप्यमान दीसे छे. केटलाक लोको आ तरफ पण हवा खावा जाय छे.

**स्वारीओ**—असाड सुदी ११ ने दिवसे एकादशीनी, भादरवा सुदी १४ ने दिवसे गणपतीमहाराजनी अने आशो सुदी १० न दिवसे दशरानी ए प्रमाणे त्रण मोटी स्वारीओ लाव लश्कर साथे

दमाम सहीत नीकळे छे. आ स्वारीओ जोवा आजुबाजुना गामो ना घणा लोको मोटी संख्यामां आवे छे, जे वखते शहेरनो देखाव जोवा जेवो थइ रहे छे अने आबेहुब मुंबाई नगरीनोज ख्याल आवे छे. एक बाजुए पेट्रोल ट्रामनी गाडीओ गतीमां होय छे, ज्यारे बीजी बाजुए भाडानी अने इतर अमलदार ग्रहस्थ लोकोनी गाडीओ, बगीओ अने मोटरो दोडी रही होय छे. लोकोनां संख्या-बंध टोळां स्वारी जोवा माटे आम तेम फरतां, मोठाइवाळाओने त्यांथी मीठाइ, कापडवाळाने त्यांथी कापड, कंसारा लोकोने त्यांथी वासणो, वगेरे जे जे लोकोने जे खप होय ते ते लेतां मालुम पडे छे अने दरेक लोको चीवटाइ अने झडपथी पोतपोतानुं काम करता नजरे दीसे छे. वळी रस्ताओ पण मुंबाइ नगरीनी माफक लोकोना समूहथी अकस्मात वगेरे न थई जाय ते माटे मोटा, इलेकट्रीक लाइट, टेलीफोन वगेरेथी शहेरनी शोभामां घणो वधारो करी रह्या छे. आ शिवाय ताबुत, इद, नागपंचमी वगेरे बीजी स्वारीओ नीकळे छे. आ रीते वडोदरा शहेर एक वखते दरेक मनुष्ये जोवा जेवुंज छे.

**वडोदरुं ए विरक्षेत्र शाथी छे**—आ शहेरने अनेक मुनी महाराजोए पोताना चरण कमळथी पवित्र करी पूण्यमय बनाव्युं

छे. साधु संमेलन, उपधान, उजमणां, कोन्फरन्स आदि महान कार्यो अत्रे थएलां छे. विशेषमां आपणा त्रण महान वीर रत्नो श्रीमद् प्रवर्तकजी माहाराज साहेब कांतिविजयजी, श्रीमद् मुनी माहाराजजी हंसविजयजी साहेब अने श्रीमद् मुनी माहाराजजी वल्लभविजयजी साहेब एओश्रीए वडोदरामांज जन्म लइ वडोदरुं ए वीर पुरुषोनुंज क्षेत्र छे ए नामने सिद्ध करी बताव्युं छे. आ महात्माओनां अद्भुत कार्योनुं वर्णन आलेखवुं ए शक्ति बहारनी वात छे, तोपण जे कांई बनी शकी छे तेटली हकीकत टुंकामां आप साहेबोनी समक्ष मुकवामां आवी छे.

**श्रीमद प्रवर्तकजी महाराज कांतिविजयजी**—आ महान पुरुषनो जन्म वीरक्षेत्रमां थयो हतो. तेओश्री जाते दशाश्रीमाळी वणीक छे. संसारना कावादावाओथी माहाराजश्रीनुं दिल संसारथी विरकत रहेतुं अने संजोग मळे संयम लइ आत्मानुं कल्याण करवानो निश्चय हतो. मोटा पुरुषोने शुं असाध्य छे! पुण्यवान जीवोने संजोगो प्रतिकुळ होवा छतां स्हेजमां अनुकुळ थइ जाय छे. आ महात्माए आपणा पवित्र जैनाचार्य मर्हुम श्रीमद्. विजयानंदजी सुरीश्वर ( आत्मारामजी ) माहाराज साहेब पासे संवत १९३५ ना माहा-

वद ११ ना रोज अंबाला गामे घणा ठाठमाठ अने उत्साह पूर्वक दिक्षा अंगीकारी करी. दिक्षा लीधा बाद अनेक शास्त्रोनुं अध्यन करी भवी जीवोने तारवाने अर्थे सुरत, भरुच, वडोदरा, अमदावाद पाटण, भावनगर वगेरे अनेक गापोए विहार करी उपदेश कर्यो छे. आ महात्मा मोतिहासिक प्राचीन शोधखोळ, जीर्ण थएलां पुस्तकोनो उद्धार, असली ताड पत्रो वगेरे लेखो, जे लाख लाख रुपीआ खर्चतां पण ना मळे तेवी चीजो घणी महेनते एकत्र करी श्री जैन कोमना उपयोग सारु अत्रेना ज्ञानमंदीरमां मुकी छे. ब्रीटीश गवर्नमेन्टना गुजरातना प्राचीन शोधखोळ खाताना वडा डॉ. भांडारकर, जर्मनीना डॉ. जर्मन हेकोबी, अने विलायतनी मांस निषेधक गोल्डन सोसायटी माहाराजश्री माटे माननी सारी लागणी धरावे छे अने घणी बाबतोमां तेओश्रीनी साथे पत्र व्यवहारथी खुलासा करे छे. डॉ. भांडारकरे तथा डॉ. जर्मन हेकोबीए तो प्रसंगोपात माहाराजश्रीनी मुलाकात लीधी छे अने तेओश्रीना दर्शनथी घणो आनंद प्रदर्शित कर्यो हतो. माहाराजश्री तरफथी काश्मीर अने तेनी पेली तरफ तीबेट वगेरे देशोमां आपणा मंदीरो अने मुर्तीओ प्रथम हतां तेमज तेवीज जातनी बीजी घणी माहीतीओ अन्य पुस्तकोमांथी मेळवी दाखला दलीलो सहीत एक मोटुं

दलदार पुस्तक तैयार थाय छे. आ पुस्तकथी प्रथमे आपणी केटली बधी वस्ती हती अने आपणी कोम केटली बधी धनाढय हती तेनो स्हेजमां ख्याल आवी शके तेम छे. आ शिवाय अकबर माहाराजे ज्यां सुधी पोतानुं तख्त अचळ रहे त्यांसुधी पोताना हाथ नीचेना दरेक सुबाओने जीव दया पाळवा माटे फुरमानो मोकली आप्यां हतां, अने ते पैकीमांथी गुजरातना सुबाने मळेला फुरमाननी नकल माहाराजजी साहेबे मेळवी छे. आवां फुरमानोथी मुसलमानी राजाओ, महात्माओना संगथी कोईपण कोमनी लागणी न दुखाय ते माटे जे हुकमो आपता हता तेनो दाखलो जो प्रयत्नशील माणसो धारे तो हालनी राज्यसत्ता तथा बीजा देशी राज्योने आपी शके तेम छे. एकंदरे आ साधु पुरुषनुं जीवन घणुंज निर्मल अने परने उपकार करवा माटे हमेश तत्पर छे. आवा महात्मानुं जीवन दिर्घायु थइ शाशननी वधु शोभा थाय एज आपणे इच्छीशुं.

**श्रीमंद् पूज्यपाद मुनी महाराज हंसविजयजी**—आ महात्मानो जन्म संवत १९१४ ना असाड वदी ०)) ना रोज थयो हतो. नानपणथीज तेओश्रीनी वृत्ति वैराग्यमय हती. प्रवर्तकजी महाराज साहेबना तेओश्री बालपणना दोस्त हता. तेओश्री साधु बनी ना जाय ते माटे, पोतानी वृति होवा न छतां जोरावरीथी

लग्न करावावामां आव्युं हतुं; पण तेओश्रीनी लागणी संसारथी विरक्त होवाथी एक संतान थया बाद, घरनो पाछळनो बंदोबस्त करी पोताना बाळ दोस्त प्रर्वतकजी महाराज साहेब साथे, बंने दोस्तो दिक्षा लेवा अर्थे पंजाब देशे पधार्या, ज्यां बंने दोस्तोए एक साथे एकज दिवसे दिक्षा ग्रहण करी. आनुंज नाम ते खरी मीत्रत्रा ! मीत्र तेज के हरेक स्थळे अने गमे ते वखते साथ दे ! आ आपणा माहाराजजी साहेबनो दिक्षा महोत्सव प्रवर्तकजी महाराज साहेबनी साथे संवत १९३५ ना माहावद ११ ना रोज अंबाला गामे घणाज ठाठमाठथी थयो हतो. दिक्षा लीधा बाद तेओश्रीना संसारी पिता तरफथी, पुत्र स्नेहने लइ केटलोक उपसर्ग थयो हतो, पण ते तरफ लक्ष नहि आपतां अने पोते धनाढ्य तेमज मान अकराम वाळा होवा छतां, जेम एक वखत कुवामां पडेलो पुरुष तेमां शुं दुख छे ते जाण्या पछी कदी पण फरी कुवामां पडे नहि तेम केटलीक मीठी वातचीतो वडे घणीज शांततापूर्वक पिताजीने समजावी धीरा पाड्या. पूत्रनो निश्चय अडग जोइ छेवटे संमति आपी, जेनुं परिणाम हाल तेओ महात्माए जनसमुदायने केटलो बधो उपकार करी पोतानुं कुळ तार्युं छे ते आपणे प्रत्यक्ष जोइए छीए. आ महात्माए अनेक देशो जेवा के पाटण, बुरानपुर दखण, बंगदेश, पंजाब तेमज मारवाड

अने कच्छ जेवा दुरना देशोमां आहार विहार तथा तृषानो परीसह वेठी भवी जीवोने तारवाने अर्थे गमन कीधुं छे. आ महात्मानी प्रकृति घणीज शांत अने बीजा भवी जीवोने आकर्षण करे तेवी छे. आवा साधु पुरुषोनी सेवानो लाभ आपणने हमेश मळे एथी शुं विशेष इच्छवा जोग छे.

**श्रीमद भारतभुमीभुषण वल्लभविजयजी महाराज**—आ परोपकारी बाळब्रह्मचारी महात्मानो जन्म संवत. १९२७ ना कारतक सुद २ ना रोज थयो हतो. महाराजश्रीनुं दील बालवयथीज संसारमांथी उठी गयु हतुं. तेओश्रीए सोळ वर्षनी उमरे राधनपुरमां संवत १९४३ ना वैशाख सुदी १३ ने दिवसे दिक्षा लीधी हती. दिक्षा लीधा बाद अनेक देशोमां **महुम आचार्यजी माहाराजजी साहेब** साथे विहार कर्यो हतो अने तेओश्रीनी साथे वीचरवाथी घणो अनुभव तथा ज्ञान आ महात्माए संपादन कीधुं हतुं. माहाराजजी साहेबना स्वर्गवास बाद आ महात्माए, पंजाब देशमां जे धर्मरुपी वृक्ष रोपायुं हतुं, तेने सींचन करी द्रढ बनाव्युं, अने हालमां तेओश्री त्यां वल्लभ वाघ ए नामथी ओळखाय छे, कारणके तेओश्री बुद्धिमां विशाळ होइ हरेक मतवाळाओनु शांतीथी समाधान करवामां हाजर जवाबी छे. तेओश्रीए पंजाब देशमां

घणो काळ जैन भाइओना लाभार्थे निर्गमन करी हालमां गुजरात देशना लाभार्थे पधार्या छे. गुजरातमां पण अनेक गामोना जे जे सद्ग्रहस्थो तेओ महात्माना संबंधमां आव्या छे अने तेओश्रीनो सदुपदेश श्रवण कर्यो छे ते दरेक जणने ते महात्मानी वक्तव्य शक्ति ( बोलवानी छटा ) थी सचोट असर थया विना रहेतीज नथी एम कहेवुंज पडे छे. आ महात्माए अत्रेना विशाळ न्याय-मंदिरना हॉलमां केटलाक श्रोताओनी प्रेरणाथी राजकीय अमलदारो तथा इतर शेठ शाहुकारोना लाभार्थे बे जाहेर व्याख्यानो "धर्म" अने " सार्वजनीक धर्म" ए बे विषयो उपर आप्यां हतां; जेनी असर श्रोताओनी गंजावर हाजरी होवा छतां, हॉलमां प्रसरी रहेली शांती तथा श्रवण करनाराओना एकलक्ष्यथीज मालुम पडी आवी हती. त्यारबाद शेठश्री देवकरण मुळजीभाइ तथा रा. रा. मोतीचंद गीरधरभाइ सोलीसीटरनी विनंतीथी महाराजश्री, प्रवर्तकजी महाराज साहेब साथे पोते रोपेला श्रीमहावीर जैन विद्यालय रुपी वृक्षने सींचन करवा मुंबाइ तरफ विहार करता आगमच अत्रेनी श्री साहित्य सभाना आग्रहथी "आदर्श जीवन" ए विषय उपर महाराजा थीएटरमां घणुंज असरकारक व्याख्यान आप्युं हतुं. जे वखते राज्यनो मुसद्दी वर्ग, शेठ शाहुकारो सरदारो वगेरे लोकोए लाभ लीधो हतो. आ महाराजश्री वक्ता तरीके घणाज सुप्रसिद्ध छे अने तेथी तेओश्रीनुं व्याख्यान हरेक स्थळे सांभळवा

अवा माटे रसीक पुरुषोनुं दिल उत्सुक थया विना रहेतुंज नथी. कावी गंधारना अत्रेथी निकळेला संघमां महाराजश्री हता अने तेथी वचमां आवतां दरेक नाना नाना गामोमां कोळी, भील, मुसलमान वगेरे जेओए महाराजश्रीनो उपदेश श्रवण कर्यो तेओए दारु, मांस इत्यादिक छोडी देवानो निश्चय माहाराजश्रीने जणाव्यो हतो. आवा आवा अनेक लाभो महाराजश्री जे जे स्थळे वीचरेला छे तेते दरेक स्थळे थएला छे. केटलाक मुसलमानो तो महाराजश्री जे वखते अत्रे आवती वखते खंभात पधार्या हता ते वखते महाराजश्रीना दर्शन माटे अहींना उपाश्रये आव्या हता, ज्यारे तेओने खबर मळी के महाराजश्री खंभात छे त्यारे तेओ खंभात गामे खास तेओ महात्माना दर्शनार्थे गया. अन्य कोमना लोकोने महाराजश्री माटे घणो उंचो अभिप्राय छे अने आपणा महात्माओनी निस्वार्थ वृत्ति जोइ ते प्रमाणे थाय तेमां कांइ पण नवाइ जेवुं नथी. नांदोद दरबार, लींबडी, भावनगर वगेरे स्थळोए महाराजश्रीए सारो लाभ आप्यो छे. आवा आपणा परोपकारी महात्मा चीरकाळ आपणने लाभ आपे एवुंज आपणे सघळा इच्छीशुं.

**डभोइ**—आ गाम अत्रेथी बार माइलना अंतरे छे, पण रेलगाडीना साधनथी त्यां एक दिवसमां अत्रे मुकाम राखी दर्शन करी पाछा आवी शकाय तेम छे. त्यां ११ देरासरो छे तथा जैन भाइओनी घणीज सारी वस्ती छे. तमाम देरासरो श्रीमाळी वाघामां

छे अने ते एक बीजा देरासरोनी नजीकमां छे, जेथी थोडा वख-तमां दर्शननो सारो लाभ लइ शकाय छे. जात्रालु भाइओ अवश्य त्यांनो लाभ लेवा चुकशे नहि.

**पादरा दरापुरा**—आ गाम अत्रेथी सात माइल थाय छे. पादरा सुधी रेल्वेनुं साधन छे. पादरामां बे देरासरो छे. दरापुरा त्यांथी एकाद दोढ माइल थाय छे त्यां पण एक देरासर छे. बंने स्थळे श्रावक भाइओनी सारी वस्ती छे, अने दर्शननो लाभ लेवा जेवुं छे तो दरेक जात्रालु भाइओ जरुर दर्शननो लाभ लेशे.

**छाणीगाम**—वडोदरा शहेरथी त्रण गाउ छेटे कांपना रस्ते छाणी गाम आवेलुं छे. आ गाममां आपणो जैन भाइओनो वस्ती सारी छे, तेमज बे देरासरो अने एक जैन ज्ञानमंदिर त्यां छे. दरेक जात्रालु भाइओए त्यां दर्शननो लाभ लेवा जेवुं छे.

**तरसाळी गाम**—आ गाम शहेरथी बे गाउ. दुर छे त्यां आपणुं एक शीखरबंधी देरासर छे अने थोडी घणी जैन भाइओनी वस्ती पण त्यां छे. दर वर्षे कारतीक मासमां अत्रेनो संघ त्यां दर्शने करवा जाय छे अने एक मोटो मेळो भराय छे. ते दिवसे देरास-रजीमां पुजा तथा शेठ खुशाळ बंका तरफथी काढेली रकमना व्याजमांथी गांधी कुटुंबवाळा श्री संघनुं स्वामी वत्सल करे छे. देरासरजीनी प्रतिमा असळी होइ दरेक जात्रालु भाइओए दर्शननो लाभ लेवा चुकवुं जोइए नहि.

**परोळी**—आ गामे आपणुं तीर्थ छे अने ते बसो वर्ष पहेलांनुं प्राचीन छे. त्यां छोटालाल हीराभाइ वैदे अत्रेथी थोडा वखत उपर संघ काढयो हतो तेमां मुनी महाराज श्री कस्तुरविजयजी, विद्याविजयजी महाराज तथा साधवीजी महाराज हतां. आ संघ त्यां जवाथी देरासरजीनो जीर्णोद्धार तथा जात्रालुभाइओने रहेवा माटे धर्मशाळा होवानी जरुर जणायाथी वडोदराना शा. जीवणलाल कीसोरदास तथा छाणीना शा. नाथाभाइ पुंजाभाइए ते काम करवानुं माथे उपाडी लीधुं अने तेओए काम पण शरु करी दीधुं छे. देरासरजीमां श्री नेमीनाथजी महाराजनी प्राचीन प्रतिमाजी छे अने आ प्रतिमाजी श्री साचादेव महाराजना नामथी प्रख्यात छे. धर्मशाळा बांधवा माटे त्यांना ठाकोर साहेबे मफत जग्या देरासर नजीक आपी छे अने ते स्थळे धर्मशाळा बंधाववानुं काम शरु करवामां आवेलुं छे. परोली ए गोधरा लाइन उपर खरसाळीआ ( वेजलपुर ) स्टेशने उतरीने जवाय छे. अहींयांथी खरसाळीया जवा माटे रेल्वे गाडीनी सात आनानी टीकीट छे. खरसाळीआथी परोळी सात माइल पगरस्ते जवानुं छे अने ते माटे गाडां विगेरेनुं साधन त्यांथी मळे छे. जात्रालुओने कोइपण जातनी त्यां अगवड पडे तेम नथी. आ संबंधमां जो कोइने ओळखाण वगेरे लेवानी जरुर हशे तो शा. जीवणलाल कीशोरदास ठे. चौटाओळ वडोदरा एओ खरसाळीआ तथा परोळी ए बन्ने गामो माटे भलामण पत्र आपशे. आ संबंधमां कोइने विशेष माहितीनी जरुर हशे तो ते तेमनी पासेथी मळशे.

---

## श्री भगवंत महावीरनी आज्ञाओ.

१ तत्वज्ञाननो अभ्यास करो अने विचारोने निर्मळ बनावव प्रयत्न करो.

२ जीवन क्रममां त्याग करवा लायक, अंगीकार करवा लाय अने जाणवा लायक शुं छे ! तेनो निर्णय करो.

३ पोतानी शक्तिनो विचार करो अने शक्ति मुजब उन्नति क्रममां आगळ वधो.

४ आत्म विश्वास राखो, कोइना उपर आधार न राखो, तमार उद्धार करवो ए केवळ तमारा पोताना विचार, पुरुषार्थ अ उद्योग उपर आधार राखे छे.

५ मान अथवा आ लोक के परलोकना सुखनी इच्छा राख्य शिवाय जेटलुं सत्कार्य थाय तेटलुं करो. अमे शुं करीए एवा निर्माल्य विचारो काढी नाखी प्रमादमां जीवन न गुजारो.

६ जो तमे ग्रहस्थ धर्म अथवा साधु धर्मना मार्गमां द्रव्य अने भावथी शक्ति मुजब प्रयाण करशो तो जरूर मुक्तिपुरी पहोंच्या शिवाय रहेशो नहि.

## बार व्रत.

१ जीव हिंसा न करवी. २ असत्य न बोलवुं.
३ चोरी न करवी. ४ परदारा सेवन न करवुं.
५ परीग्रहनुं प्रमाण करवुं. ६ दिशाओनुं प्रमाण करवुं.
७ भोगपभोगनुं प्रमाण करवुं. ८ अनर्थ दंडनो त्याग करवो.
९ देसावगासिक करवुं. १० पर्वातिथिए पौषध करवो.
११ दररोज सामायिक करवुं. १२ सुपात्र दान देवुं.

# ॥ जरा ध्यान दीजिए ॥

(१) जैन समाज के उदय का दरवाजा खुल गया।

(२) " श्री महावीर जैन विद्यालय " शुरु हो गया।

(३) जरा कोथली का मुंह ढीला कर दीजिए।

(४) खरा साधर्मि वत्सल का फल ले लीजिए।

(५) विद्यादान सर्व दानो में प्रधान दान है।

(६) प्रथम ज्ञान और पीछे दया महर्षियों का फरमान है।

जे कोइ धर्मात्मा भाइ बेनने यथाशक्ति श्री महावीर जैन विद्यालय " मां ज्ञान दान आपीने पुण्य उपार्जन करवानी इच्छा होय तेओए ते संस्थाना ओनररी सेक्रेटरी मे. मोतीचंद [illegible]रधरभाइ कापडीया बी. ए. एल. एल. बी एओ साहेब तरफ व्यवहार करवो. ठे. प्रीन्सेस स्ट्रीट मनहर बील्डींग मुंबाइ.

## क्या शोचते हो ?

(१) लक्ष्मी का स[illegible] क[illegible] लो [illegible]

(२) पैसा कभी [illegible]

(३) गया वक्त [illegible]